
# વડાપ્રધાને ભ્રષ્ટાચારના આરોપો ફગાવ્યા

## કેગ સામે વડાપ્રધાને પ્રશ્નો ઉઠાવ્યા : સંસદના બંને ગૃહોમાં ધાંધલ-ધમાલ વચ્ચે નિવેદન

નવી દિલ્હી,તા. ૨૭

કોલસા બ્લોકની ફાળવણીને લઈને સંસદમાં મડાગાંઠની સ્થિતી વચ્ચે વડાપ્રધાન મનમોહનસિંહે આજે નિવેદન કર્યું હતું. મનમોહનસિંહે નિવદેન કરતાં કેગ સામે પ્રશ્નો કર્યા હતા અને સંસદમાં ચર્ચામાં ઉતરવા ભાજપને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. ૧.૮૬ લાખ કરોડનાં કોલસા માઈનિંગ કૌભાંડની બાબત સપાટી ઉપર આવ્યા બાદથી એક પછી એક આક્ષેપોમાં યુપીએ સરકાર ફસાઈ ગઈ છે. મનમોહનસિંહે આજે તેમનું મૌન તોડતા કહ્યું હતું કે કેગ અને વિરોધ પક્ષના આરોપ બિલકુલ પાયા વગરના છે. કોલસા બ્લોકની ફાળવણી અંગે ભાજપ દ્વારા સંસદની કામગીરી ચાલવા દેવાઈ નથી. મનમોહનસિંહે કહ્યુ હતું કે યુપીએ સરકાર ચર્ચા માટે સંપુર્ણ પણે તૈયાર છે. કેગે પોતાના અહેવાલમાં હાલમાં જ કહ્યું હતું કે સરકારની ઉદાસીનતાના પરિણામ સ્વરૂપે તિજોરીને ૧.૮૬ લાખ કરોડનો ફટકો પડ્યો હતો. સંસદના બંને ગૃહોમાં તેમના નિવેદનને પુર્ણ કરાવ મંજુરી અપાઈ ન હતી. સંસદની ગૃહની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે સરકાર કોલસા બ્લોકની ફાળવણી અંગે મજબુત અને વિશ્વસનીય કેસ ધરાવે છે. કોલસા બ્લોકની ફાળવણી સામે કેગે પોતાના અહેવાલમાં પ્રશ્નો ઉઠાવ્યા હતા. સિંહે કહ્યું હતું કે ગૃહની કામગીરી આગળ વધી શકી નથી તેના તેઓ દુખી છે. ભાજપ સંસદની કામગીરીમાં ખલેલ પહોંચડવા માટે કટીબદ્ધ દેખાય છે. સિંહે ખાતરી આપી હતી કે અમે ખુબ જ મજબુત



અને વિશ્વસનિય કેસ ધરાવીએ છીએ. તમણે એમપણ કહ્યું હતું કે પ્રેરિત મુદ્દાઓ પણ મૌન જાળવી રાખવાની તેમની નીતિ રહી છે પરંતુ લોકો સમક્ષ વાસ્તવિક્તા પહોંચે તે હેતુસર તેઓ નિવેદન કરી રહ્યા છે. સંસદમાં વાત કરવાની તેમને તક મળે તે જરૂરી હતી. સિંહે એમપણ કહ્યું હતું કે કોલસા બ્લોકની ફાળવણી અંગે કેગના કારણો વિવાદસ્પદ છે. કેગના કારણોને જ્યારે આ મામલો સંસદીય એકાઉન્ટ્સ કમિટિ સમક્ષ આવતે ત્યારે પડકરાવમાં આવશે. તેમણે એવી દલીલ કરી હતી કે સંસદમાં આ મામલે ચર્ચા થવી જોઈએ જેથી દેશ વાસ્તવિક્તા શું છે તે જાણી શકે. આ મુદ્દાઓ પર ગૃહમાં ચર્ચા થાય તેવી અપિલ સિંહે કરી હતી. આ સંબંધમાં મનમોહનસિંહે ઉર્દુમાં લખાયેલી બાબતનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે હજારો જવાબો સે અચ્છી હૈ મેરી ખામોસી, ના જાને કિતને સવાલો કી આબરૂ રખેં. અગાઉ કેગના અહેવાલના સંબંધમાં મનમોહનસિંહે આકરા પ્રહાર કર્યા હતા. ભાજપના સભ્યો દ્વારા ધાંધલ ધમાલના દૃશ્યો વચ્ચે સંસદના બંને ગૃહોમાં મનમોહનસિંહે નિવેદન કર્યુ હતું અને જાહેરાત કરી હતી કે તેઓ એ વખતે લેવામાં આવેલા નિર્ણયોની જવાબદારી સ્વિકારે છે. તેઓ થોડાક સમય સુધી કોલસા મંત્રાલયની જવાદારી સ્વિકારી ચુકયા છે જેથી સંપુર્ણ પણે જવાબદારી સ્વિકારે છે. તેમણે કહ્યું હતું કે યુપીએની સરકાર આવ્યા બાદ કોલસા બ્લોકની ફાળવણી બોલીથી કરવાની વ્યવસ્થા શરૂ થઈ હતી પરંતુ વિપક્ષોએ વાંધો ઉઠાવ્યો હતો. વસુંધરા રાજેએ એપ્રિલ-૨૦૦૫માં લખેલા પત્રમાં બોલી પ્રક્રિયાનો વિરોધ કર્યો હતો. વડાપ્રધાને કેગને પોતાના અધિકાર ક્ષેત્રની બહાર જવા બદલ ઝાટકણી કાઢી હતી. સિંહે તમામ વિષયો પર વિસ્તારપુર્વક વાત કરી હતી. તેમણે કહ્યું હતુંકે કોલસા બ્લોકની ફાળળણી બોલી મારફતે કરાવનો તે વખતે છત્તીસગઢ, ઝારખંડ, ઓરિસ્સા, રાજસ્થાન, પશ્ચિમ બંગાળેવિરોધ કર્યો હતો. ડાબેરીઓએ પણ આનો વિરોધ કર્યો હતો.

## મુંબઈમાં ભારે વરસાદ થતાં જનજીવનને પ્રતિકૂળ અસર

મુંબઈ,તા.૨૭

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ભારે વરસાદનાં કારણે ફરી જનજીવન સંપુર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. લોકો વહેલી સવારે ઉઠ્યા ત્યારે ભારે વરસાદની સ્થિતી હતી. ભારે વરસાદનાં કારણે રેલવે સેવાને માઠી અસર થઈ હતી. સાથે સાથે માર્ગો ઉપર ટ્રાફિક જામની સ્થિતી સર્જાઈ હતી.



મુંબાઈમાં આગામી ૪૮ કલાકમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ મુંબઈમાં કોલાબા ખાતે ૫૭.૧ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે ઉત્તરમાં સાંતાક્રુઝ ખાતે ૩૪.૨ મીમી વરસાદ આજે બપોર સુધી નોંધાયો હતો. બીજી બાજુ રેલવે અને માર્ગ વ્યવહારને માઠી અસર થઈ હતી. સેન્ટ્રલ અને વેસ્ટર્ન લાઈન ઉપર ટ્રેન સેવાને અસર થઈ હતી. તમામ ટ્રેનો ૧૦થી ૨૦ મિનિટ મોડે પડી છે. મળેલી માહિતી મુજબ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. હિંદમાતા, પારેલ, દાદર, પશ્ચિમ ઉપનગરીય વિસ્તારોમાં ઘુંટણ સુધીના પાણી ભરાઈ ગયા હતા. ટ્રાફિક સિગ્નલોને પણ માઠી અસર થઈ હતી. બે મુખ્ય એક્સપ્રેસ હાઈવે ઉપર પણ ટ્રાફિક સિગ્નલોને અસર થઈ હતી. સિવિક સત્તા વાળાઓ સામે નવી પડકારરૂપ સ્થિતી ઉભી થઈ ગઈ હતી. જે વિસ્તારોમાં વધુ પાણી ભરાઈ ગયા હતા તે વિસ્તારમાંથી પાણી બહાર કાઢવા પંપનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હવામાન વિભાગે આગાહી કરી છે કે મુંબઈ, થાણે અને રાયગઢ જિલ્લામાં આગામી ૩૬ કલાક દરમિયાન ભારે વરસાદ થઈ શકે છે. મહારાષ્ટ્રના અન્યો ભાગોમાં પણ અતિભારે વરસાદ થઈ શકે છે. આગામી ૨૪ કલાકમાં દક્ષિણ કોકણ અને ગોવામાં ભારે વરસાદ થયો હતો. રવિવાર સુધી મુંબઈમાં ઓગસ્ટના મહિનામાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. મુંબઈમાં માત્ર ૨૪૪.૯ મીમી જેટલો વરસાદ ઓગસ્ટ મહિનામાં નોંધાયો છે.

## ૧૪૨ કોલસા બ્લોક ફાળવણી રદ કરવા ભાજપની ઉગ્ર માંગ

નવી દિલ્હી,તા.૨૭

કોલસા બ્લોકની ફાળવણી લઈને ભારે હોબાળો મચેલો છે ત્યારે ભાજપે આક્ષેપોનો મારો જારી રાખ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજે વડાપ્રધાન પર આક્ષેપ કર્યો છે કે હરાજી નીતિ માટે ક્રેડિટ વડાપ્રધાન પોતે લેવા ઈચ્છતા હતા. કોલસા બ્લોકની ફાળવણી અંગે ભાજપે આજે પોતાનું વલણ કઠોર બનાવ્યું હતું. સંસદમાં કેગ મામલે વડાપ્રધાન મનમોહનસિંહના નિવેદન બાદ લોકસભા અને રાજ્યસભામાં ભાજપનાં નેતા સુષ્મા સ્વરાજ અને અરૂણ જેટલી સંયુક્ત પત્રકાર પરિષદમાં નિવેદન કર્યું હતું અને સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. સુષ્માએ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસને કોલસા બ્લોક ફાળવણીમાં મોટી રકમ મળી છે. તેમની માંગણીથી પીછેહઠ કરવાનો કોઈ પ્રશ્ન નથી. સુષ્મા સ્વરાજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે વર્ષ ૨૦૦૪માં ભાજપે હરાજી નીતિ અપનાવી હતી પરંતુ આ નીતિ ૨૦૧૨ સુધી અમલી બની શકી ન હતી. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે વર્ષ ૨૦૦૬થી ૨૦૧૦ સુધી થયેલી તમામ ૧૪૨ કોલસા બ્લોકની ફાળવણી રદ થવી જોઈએ. ભાજપે કહ્યું છે કે આ ફાળવણીને દેશને ૧૦ લાખ કરોડનો ફટકો પડ્યો છે પત્રકારોના પ્રશ્નના જવાબમાં સુષ્માએ કહ્યું હતું કે જો વિકાસ માટે કોલસા ફાળવણી કરવામાં આવી હતી તો તો વિકાસનું ચિત્ર દેખાતું નથી. વીજળીની સ્થિતીમાં કોઈ સુધારો થયો નથી. પત્રકાર પરિષદમાં ભાજપના નેતા અરૂણ જેટલીએ કહ્યું હતું કે સંસદમાં જે કાઈ પણ થયું છે તે બંધારણ અને બંધારણીય સંસ્થા પર પ્રહાર સમાન છે. જેટલીએ કહ્યું હતું કે યુપીએ સરકારે કોલસાની ફાળવણીમાં કોઈ પારદર્શક્તા દર્શાવી નથી. કયા આધારે કોલસા બ્લોકની ફાળવણી કરવા માટે અરજી સ્વિકારવામાં આવી હતી તે બાબત દેખાતી નથી જેટલી અને સુષ્મા સ્વરાજે આક્ષેપોનો મારો જારી રાખ્યો હતો. અરૂણ જેટલીએ કહ્યું હતું કે નુકસાન માટે ક્યારેય રાજ્ય સરકાર પર અને ક્યારેય કાયદા મંત્રાલયય ઉપર દોષારોપણ કરીને જવાબદારીથી છટકી શકાય નહીં. જેટલીએ એમપણ કહ્યું હતું કે કોલસા ફાળવણીના મામલામાં વડાપ્રધાને અને સરકારે સંપુર્ણ જવાબદારી લેવી જોઈએ. વડાપ્રધાને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપવું જોઈએ. કોંગ્રેસને કોલસા કૌભાંડમાંથી મોટી રકમ મળી છે. આજ કારણસર તેઓ આને આ મામલે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

## કાશ્મીરમાં મોટી માત્રામાં મોતનો મસાલો કબજે થયો

જમ્મુ, તા.૨૭

જમ્મુ કાશ્મીરના રામબાણ જિલ્લામાં એક આતંકવાદી અડ્ડાનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. મોટી સંખ્યામાં હથિયારોનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. જમ્મુથી આશરે ૧૮૦ કિલોમીટર ઉત્તરે સ્થિત રામબાણ જિલ્લામાં સરનીહાલ વન્ય વિસ્તારમાં રવિવારે સાંજે તપાસ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલિસ અને સેના દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન આતંકવાદી અડ્ડાને શોધી કાઢવામાં સફળતા મળી હતી. જમ્મુ કાશ્મીરના ઘણાં ભાગોમાં આતંકવાદને પુનઃ સજીવન કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સેનાના પ્રવક્તા કર્નલ આરકે પાલ્ટાએ આ મુજબની માહિતી આપી હતી. ગ્રામીણ અડ્ડામાંથી જે હથિયારો મળી આવ્યા છે તેમાં પિસ્તોલ, મેગ્ઝીન, જુદા જુદા પ્રકારની રાઈફલો, ગ્રેનેડ સાથે અંડર બેરેલ ગ્રેનેડ લોન્ચર, બાઈનોક્યુલર અને એક-૪૭ દારૂગોળાનો સમાવેશ થાય છે. સેનાના અધિકારીઓએ કહ્યું હતું કે સુરક્ષીત આવાસમાં મોટી માત્રામાં વિસ્ફોટકો જમા કરવામાં આવ્યા હતા.

## મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

શિક્ષણને તેઓએ માત્ર આર્થિક ઉપાર્જન માટે નહિ. સાથોસાથ ગરીબ બાળકોને વિના મૂલ્યે માર્ગદર્શન આપીને સમાજમાં ઉમદા સેવા કરી છે. વિદ્યાર્થીને સફળ માનવી બનાવવો એવા મુદ્રાલેખે તેઓને ખૂબ જ લોકચાહના અપાવી છે.

શિક્ષણની ચેનતાને ચૈતન્યમય બનાવીને બાળકોને શિક્ષણ સાથે માનવતાવાદી કેળવણીનો પાઠ આપનાર શ્રી અશોક પુરોહિત તન-મન અને હૃદયથી શિક્ષક બનીને શિક્ષણશાસ્ત્રી અને કેળવણીકાર સુધીની યાત્રામાં સફળ રહ્યાં છે.

તેઓ પોતાની વાત ઉમેરતાં કહે છે કે, 'ભાષા વાતાવરણથી આવડે છે. આ Concept ના આધારે English Language Lab. દરેક શૈક્ષણિક સંસ્થામાં સ્થાપવી જોઇએ. આ વાતના હિંમાયતી પોતે પોતાની શૈક્ષણિક સંસ્થામાં અંગ્રેજી ભાષા શીખવવાના પ્રયોગાત્મક અભિગમ માટે English Language Lab. ની સ્થાપના કરી હતી. અદ્યતન યંત્ર-સાધનોની સુસજ્જ ક્લાસરૂમ, સંદર્ભ પુસ્તકો અને શૈક્ષણિક ઓડિયો-વિડીયો કેસેટ્સનો વિશાળ સંગ્રહ તેઓની સંસ્થામાં છે.'

સામાન્ય રીતે એવું બનતું હોય છે કે, માણસનો જે શોખ હોય છે, તે તેનો વ્યવસાય હોતો નથી. અને વ્યવસાય હોય છે, એ તેનો શોખ નથી હોતો. પરિણામે નિષ્ફળતા મેળવે છે. પરંતુ શ્રી પુરોહિતે પોતાના વ્યવસાયને જ પોતાનો શોખ બનાવ્યો. એટલે ક્યારેય વેઠ નામનું તત્ત્વ તેના વ્યવસાયકાળમાં જન્મ પામ્યું નહિ. અંતરનો આનંદ અને સંતૃષ્ટિનો ભાવ સદાય સાથે રહ્યો અને પ્રગતિમાં પ્રેરક બન્યો છે. પોતાના વ્યવસાયિક ક્ષેત્રમાં ૨૫ વર્ષથી નિર્વિવાદ રીતે હંમેશા હકારાત્મક અભિગમથી વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે કાર્ય કરવાની વિચારશૈલીથી તેઓની શિક્ષણ જગતમાં એક આગવી ઓળખ ઊભી થયેલ છે. તેમને ખૂબ - ખૂબ અભિનંદન.

શ્રી અશોકભાઇ પુરોહિતે વિદ્યાર્થી - વાલીના હિતની ચિંતા સતત કરી છે અને આજે પણ કરી રહ્યાં છે. સાથોસાથ પોતાના પરિવારની ખેવના ક્ષણે-ક્ષણે કરે છે. પુત્રીઓ દૃષ્ટિ, સૃષ્ટિ અને પુત્ર જયની ઉજ્જવળ કારકિર્દી અર્થે તેઓ હાલમાં અમદાવાદમાં સ્થિર થયા છે. તેમનાં ધર્મપત્ની મીતાક્ષીબહેન શિક્ષિત, દિક્ષિત અને પરિવાર માટે હંમેશાં સમર્પિત છે.

અનેકવિધ પ્રતિભા સંપન્ન શ્રી અશોકભાઇ પુરોહિત હજુ પણ અનેક શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ. તેમનો મો.નં. છે : ૯૪૨૬૨૬૪૨૪૨

## રાહુલ દ્રવિડ-ગંભીરને પદ્મ એવોર્ડ આપવાની ભલામણ

નવી દિલ્હી, તા.૨૭

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ભારતના ભુતપુર્વ કેપ્ટન રાહુલ દ્રવિડ અને ઓપનિંગ બેટ્સમેન ગૌતમ ગંભીરને ક્રમશઃ પ્રતિષ્ઠિત પદ્મભુષણ અને પદ્મશ્રી એવોર્ડ આપવા ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે. બીસીસીઆઈના અધિકારીના જણાવ્યા મુજબ પ્રમુખ એન શ્રીવનિવાસન અને સેક્રેટરી સંજય જગદલેએ આ મુદ્દે ચર્ચા વિચારણા કરી લીધી છે. આ બંને નામ સરકારને મોકલી દીધા છે. દ્રવિડ અને ગંભીરના નામ ઉપર અગાઉ પણ વિચારણા કરવામાં આવી હતી. આ સંબંધમાં પ્રમુખ અને સેક્રેટરી અંતિમ નિર્ણય કરી ચુક્યા છે. નોમિનેશન દાખલ કરવા માટેની છેલ્લી તારીખ ૧૫મી ઓગસ્ટ હતી. નામ મોકલી દેવામાં આવ્યા છે. બીસીસીઆઈના અધિકારીએ આજે આ મુજબની માહિતી આપી હતી. રાહુલ દ્રવિડ અગાઉ રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ માટે પણ દાવેદારોમાં હતો. પરંતુ આ



પેનલમાં એકમાત્ર ક્રિકેટર રવિશાસ્ત્રી ભુતપુર્વ કેપ્ટન માટે મજબુત કેસ રજુ કરવા મિટિંગમાં ઉપસ્થિત રહ્યો ન હતો. શાસ્ત્રીએ કહ્યું હતું કે મિટિંગ માટે કોઈ આમંત્રણ તેને મળ્યું ન હતું. અત્રે ઉલ્લેખનીય છે કે રાહુલ દ્રવિડે આંતરરાષ્ટ્રિય ક્રિકેટમાં એક પછી એક રેકોર્ડો પોતાના નામ ઉપર કરેલા છે. રાહુલે ૧૩૪ ટેસ્ટ મેચોમાં ૧૩૦૦૦થી વધુ રન બનાવ્યા છે. જ્યારે ૩૪૪ વન-ડેમાં ૧૧૦૦૦થી વધુ રન બનાવ્યા છે. તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૪૦૦૦થી વધુ રન બનાવી ચુક્યો છે. જેમાં ૩૬ ટેસ્ટ સદી અને ૧૨ વન-ડે સદીનો સમાવેશ થાય છે. બીજી બાજુ ગંભીરે પણ એક શાનદાર ક્રિકેટર તરીકે ઉભરી આવવામાં સફળતા મેળવી છે. તે પહેલાથી જ અર્જુન એવોર્ડ મેળવી ચુક્યો છે.

ગયા વર્ષે વર્લ્ડ કપની ફાઈનલમાં ગંભીરે ૯૭ રન ફટકાર્યા હતા. પદ્મભુષણ અને ભારત રત્ન અને પદ્મવિભુષણ બાદ દેશના ત્રીજા સૌથી મોટા સન્માન તરીકે ગણવામાં આવે છે. સચિન તેન્ડુલકર એકમાત્ર એવો ક્રિકેટર છે જે પદ્મવિભુષણ મેળવી ચુક્યો છે. જ્યારે સુનિલ ગવાસ્કર સહિતના ઘણાં ક્રિકેટર પદ્મભુષણ મેળવી ચુક્યા છે.

## વધારે હુમલાઓ કરવાની ઉલ્ફા સંગઠનની ચીમકી


મુંબઈ, તા.૨૭

ઉલ્ફાના મંત્રણા વિરોધી જૂથના લિડર પરેશ બરુઆ એ અખબારોને એક ઈમેઈલ મોકલીને આસામમાં રહેતા અન્ય રાજ્યોના લોકો પર વધુ હુમલા કરવાની ચેતવણી આપી છે. બરુઆએ કહ્યું છે કે દેશના અન્ય ભાગોમાં જો આસામી લોકો પર હુમલા બંધ થશે નહીં તો અન્ય રાજ્યોના લોકો પર હુમલા કરાશે. બરુઆએ કહ્યું છે કે રાજ્યની બહાર જુદી જુદી જગ્યાઓએ ૧૪ આસામી લોકોને મોતને ઘાત ઉતારી દીધા છે. બરુઆએ રાજ્યમાં કોમી હિંસા ફેલાઈ જશે તેવી અફવા ફેલવાનાર મુસ્લિમ સંગઠનોને ચેતવણી આપી છે કે આના ખતરનાક પરિણામો રહેશે. બરુઆએ એમ પણ કહ્યું છે કે ભાજપ અને કોંગ્રેસ ચૂંટણીને ધ્યાનમાં લઈને પોતાની રમત રમી રહ્યા છે.

## એક થા ટાઇગર ફિલ્મની ૧૧ દિનમાં ૨૧૦ કરોડની કમાણી

મુંબઈ, તા.૨૭

૧૫મી ઓગસ્ટના દિવસે દેશભરમાં રજુ થયેલી એક થા ટાઈગર નામની ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર ધુમ મચાવી રહી છે. આ ફિલ્મ માત્ર ૧૧ દિવસના ગાળામાં જ રેકોર્ડ ૨૧૦ કરોડની કમાણી કરી ચુકી છે અને આ ફિલ્મ હજુ પણ વધુ કમાણી કરવાના બોક્સ ઓફિસ ઉપર રેકોર્ડ સર્જે તેવી શકયતા છે. શરૂઆતના પાંચ દિવસમાં જ આ ફિલ્મ ૧૦૦ કરોડનાં આંકડા સુધી પહોંચી ગઈ હતી. આંતરિક સુત્રોનું કહેવું છે કે આ ફિલ્મ ૨૦૦ કરોડનાં આકડાંને પહેલાથી જ પાર કરી ચુકી છે. બોલિવુડ સાથે સંકળાયેલા નિષ્ણાંત અને કમાણી ઉપર નજર રાખનાર તરન આદર્શે કહ્યું છે કે એક થા ટાઈગર ફિલ્મે માત્ર ૧૨ દિવસના ગાળામાં માત્ર ભારતમાંથી ૧૭૫ કરોડની કમાણી કરી લીધી છે. વિદેશની ગણતરીને ધ્યાનમાં લેવામાં આવે તો આ ફિલ્મે ૨૧૦ કરોડથી વધુની કમાણી કરી લીધી છે. બોડિગાર્ડ ફિલ્મે ૧૪૮




કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ ફિલ્મની કમાણી હજુ પણ જારી છે. બોક્સ ઓફિસ ઉપર કલેક્શનની દૃષ્ટીએ આમિર ખાનની થ્રી ઈડિયટ ફિલ્મ કરતા આ ફિલ્મે વધુ કમાણી હજુ સુધી કરી નથી પરંતુ આ ફિલ્મ નવાં આકડાં ચોક્કસપણે સર્જી શકે છે. જેથી સલમાનખાન તેના નજીકના મિત્ર આમિર ખાનને કમાણી બાબતમાં પાછળ છોડી દે તેવી શક્યતા દેખાઈ રહી છે. સલમાનની આ ફિલ્મ હજુ પણ ધુમ મચાવી રહી છે. ૧૫મી ઓગસ્ટનાં દિવસે દેશભરમાં આ ફિલ્મ રજુ કરવામાં આવી હતી. ત્યારબાદથી ઈદના કારણે પણ આ ફિલ્મને આંશિક રીતે અન્ય ફિલ્મો કરતા વધુ ફાયદો થયો છે. ફિલ્મની પટકથા અન્યોને પસંદ પડી નથી પરંતુ સલમાનની લોકપ્રિયતા અભુતપુર્વ સપાટીએ પહોંચી ગયા બાદ તેની ફિલ્મ જોવા માટે પડાપડી થઈ રહી છે. આ જ કારણસર આ ફિલ્મે સફળતાના નવા રેકોર્ડ સર્જ્યા છે. ફિલ્મના ગીતો પહેલાથી જ સુપરહિટ થઈ ગયા હતા.

## સમાચાર ઝલક

- પાક. વડાપ્રધાનને પાકિસ્તાની સુપ્રિમકોર્ટે ૧૭મી સપ્ટેમ્બર સુધી મુદત આપી.
- આસામમાં હિંસાનો દોર યથાવત, મૃત્યુ આંક ૮૯ થયો.
- સરહદ પર સુરક્ષા જવાનો માત્ર ચાર કલાક જ સુઇ શકે છે.
- પાકિસ્તાન ભારત વિરૂધ્ધ મેચ હારી જાય તો પાકિસ્તાન નિવાસી હિન્દુઓને ગુસ્સાનો ભોગ બનવું પડે છે.
- કલોક તાલુકાના હાજીપુરની 'મંથન વિકલાંગ સંસ્થા'ની બાળાઓ અમેરિકામાં ગરબે ઘુમશે.
- ૧૦૮ એમ્બ્યુલન્સ, ક્રૂ-તબીબો સાથે સાંઠગાંઠની ફરિયાદ વડોદરામાં થઇ, નવી ફરિયાદથી ચકચાર.
- હિંસાની દહેશત ! ગુજરાત પોલીસ એલર્ટ.
- વિદ્યાર્થીના માર્કસમાં અદાલત વધઘટ ન કરી શકે : સુપ્રીમ કોર્ટ.
- સેમસંગ સામે ૧ અબજ ડોલરનો પેટન્ટ કેસ જીતી જતી એપલ કંપની.
- સૂરત ટ્રેનમાં ગુટખા ખાનાર યુવાનને ચાલુ ટ્રેનમાંથી ફેંકી દેવાયો.
- ગાંધીનગરમાં ૩૫૦૦ મહિલાઓ ચેસ સ્પર્ધા રમશે, રાજય સરકારનું વિશેષ આયોજન.
- ગુગલ ઇન્ટરનેટ દ્વારા વિશ્વનાં લોકો સાથે પ્રશ્નોત્તરીના કાર્યક્રમનું સંચાલન કરશે અજય દેવગણ.
- સપ્તાહમાં મામલતદારોનાં પ્રમોશન - બદલીની તૈયારી.
- કોલસા કૌભાંડ : વડાપ્રધાન સીધા જનતાનાં દરબારમાં પહોંચશે તેવી શક્યતા.
- ન્યૂજર્સીમાં તા.૩૧મી ઓગસ્ટની શરૂ થનારાં 'ચાલો ગુજરાત' મહોત્સવની જાજરમાન તૈયારીઓ.
- બજારોનું અનુમાન : દિવાળી સુધીમાં સોનાનાં ભાવ ૩૪ હજારે પહોંચશે.
- બઢતીમાં એસ.સી., એસ.ટી. માટે અનામત કાયદાકીય રીતે અશક્ય : એટર્ની જનરલ.
- રેલ્વે આર્થિક સંકટમાં - કર્મચારીઓ અને યાત્રીઓની સુવિધામાં ઘટાડો થશે.
- સૂરતનો હીરા ઉદ્યોગ સૌરાષ્ટ્રના ખેડૂતોને સહાય કરવા સક્રીય.
- ઉના પંથકની આંબાવાડીઓમાં ગ્લોબલ વોર્મિંગ, મ્હોર આવ્યાં, દિવાળી બાદ કેરી બજારમાં.
- સ્ટેટ બેંક રવિવારે પણ ચાલુ રાખવાનો ટૂંક સમયમાં નિર્ણય.

## પુરુષોત્તમ માસનો અધિક પવિત્ર મહિમા

(પાના નં. ૪ નું ચાલુ)

વિષ્ણુ ભગવાને કહ્યું કે હે અધિક માસ! આજથી હું મારા તમામ ગુણો તમને અર્પણ કરું છું. હું બધાં પુરૂષોમાં ઉત્તમ પુરૂષોત્તમ છું આથી હવે તમારૂં નામ પુરૂષોત્તમ માસ પાડું છું. લોકો પણ તમને આ જ નામથી ઓળખશે અને જેટલી પૂજા માર કરે છે તેવી જ પૂજા આખો માસ તમારી પણ કરશે એની હું ખાતરી આપું છું :-

અસ્મૈ સમર્પિતાઃ સર્વે યે ગુણા મયિ સંસ્થિતા;
પુરૂષોત્તમેતિ મન્નામ, પ્રાથિનં લોક વેદયોઃ

અને ત્યારે જ ત્યારથી જ વધારાનો માસ, મળ માસ, અધિક માસ બધે પુરૂષોત્તમ માસથી પ્રખ્યાત બન્યો. આવો, આપણે સૌ પણ આ પાવન પવિત્ર માસ પુરૂષોત્તમ ભગવાનને વંદન કરીએ :-

શ્રી પુરૂષોત્તમમાય નમઃ

આ પુરૂષોત્તમ માસની શાસ્ત્રોક્ત વ્રતવિધિ છે; પડવાથી શરૂ કરી અમાસ સુધીની ત્રીસે ત્રીસ તિથિઓની તિથિવાર અલગ અલગ રોચક, સુંદર, જ્ઞાનપ્રદ, બોધદાયક, આધ્યાત્મિક કથાઓ છે; કુલ ૪૦ (ચાલીસ) અધ્યાય છે. જેમાં શ્રી વેદવ્યાસજી, શુકદેવજી, નારદજી, નારાયણ ભગવાન, શ્રીકૃષ્ણ ભગવાન, શૌનક ઋષિ, શ્રી વિષ્ણુ ભગવાન, સુતજી, દુર્વાસા, વાલ્મિકીજી, યુધિષ્ઠિરજી અને પાંડવો - વગેરેના સંવાદો, પ્રશ્નો, ઉત્તરો થકી પુરૂષોત્તમ માસના મહિમાનું ગાન કરવામાં આવ્યું છે.

આ માસમાં શ્રી પુરૂષોત્તમ અષ્ટોત્તરશત સ્તુતિ, શ્રી પુરૂષોત્તમ સ્તોત્ર, માહાત્મયની કથા, નારાયણ કવચ, વિષ્ણુ સહસ્ત્રનામ, શ્રીમદ્ ભગવદ્ગીતા પંદરમો અધ્યાય, પુરૂષોત્તમ યોગનું વાચન, પઠન, સ્મરણ, શ્રવણ વગેરે કરવાથી આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્તિ મળે છે. ગીતામાં કહ્યું છે કે :

ઊંચો છું ક્ષરથી ય ઉત્તમ છઉં એ અક્ષરથી વિખ્યાત છું;
પુરૂષોત્તમ તેથી છું જગત ને વેદેય વિખ્યાત છું;
જે ભ્રાંતિહીન એહ એહ રીત મુજને જાણો પુરૂષોત્તમ,
તે સર્વજ્ઞ સમગ્ર ભાવ ધરીને હું ને ભજે ભારત!!

પુરૂષોત્તમ માહાત્મય મુજબ પુરૂષોત્તમ માસનું વિધિપૂર્વક વ્રત કરવાથી બધાં પાપ નાશ પામે છે; સંપત્તિ પ્રાપ્ત થાય છે; આરોગ્ય સારું રહે છે; પુત્રની પ્રાપ્તિ થાય છે. માનસિક શાંતિ મળે છે અને પ્રભુ કૃપા થવાથી મનોવાંચ્છિત ફળ મળે છે; યથોચિત દાન કરવાથી દસ ગણું ફળ પ્રાપ્ત થાય છે. આવો આપણે સૌ એવા પુરૂષૌત્તમ ભગવાનને વંદન કરીએ :

"નારાયણ ગરૂડ વાહન અબ્બજનામિ, છોડાય પૂર્ણ પુરૂષોત્તમ સર્વવ્યાપી;

છે આશા, ધરજો દીનદાસ સેવા, અહર્નિશ ઈશ જગદીશ નમામિ દેવા."

પુરૂષોત્તમ માસમાં સૌના બધાં મનોરથ સિધ્ધ થાય તેવી શુભેચ્છાં.

-પી.એમ. પરમાર (દર્શન)